

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

જોઈ જોઈ ખાયકી બે આંખે લોહી આવ્યું છે,
રોઈ રોઈ રોદડાં બે આંખે લોહી આવ્યું છે,
ધોઈ ધોઈ ગંદકી બે આંખે લોહી આવ્યું છે -
ખાઈ ખાઈ મિઠાઈ બે આંખે લોહી આવ્યું છે...

### હાઈકુ

હાલ તુરત
તો આવ્યાં છે અંધારાં -
અમારી આંખે..

દેખાય બધું
ભારત ભાવિ જેવું -
સાવ ધૂંધળું..

### ચિંતન

**ગુણિ ગણગણનારમ્ભે ન પતતિ કઠિની સુસંભ્રમાધસ્ય ।**
**તેનામ્બા યદિ સુતિની વદ વંધ્યા કીદૃશી ભવતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજો અધ્યાય 'કુપંડિત નિંદા' નામના પ્રકરણોનો આ શ્લોક છે.

ગુણવાન-વિદ્વાન પંડિતોની જ્યારે ગણના-ગણતરી થતી હોય ત્યારે ગણતરી કરનારની સ્મૃતિમાં જો તરત-એકદમ જેવું નામ ન આવે આંગળીના વેઢે જો એ વ્યક્તિ ન ચઢે એટલે કે વિદ્વાનોની સંખ્યામાં જેને યાદ કરવામાં નથી આવતો તેવો માણસને જન્મ આપીને પણ જો માતા, પુત્રવતી કહેવાતી હોય તો પછી વંધ્યા-પુત્રહીન કોને કહેવી? અર્થાત કુપંડિતની માતા અને વંધ્યામાં કોઈ તફાવત નથી (પુત્રના શિક્ષણ-સંસ્કારની મુખ્ય જવાબદારી માતાની જ છે.'

માતા-પિતાની, બાળકને શિક્ષણ અને સંસ્કાર આપવાની જવાબદારી છે, અને બાળકે પણ સમજુ થયા પછી શિક્ષણ અને વિદ્યા પરત્વે જાગૃત થઈ મહેનત કરવી જોઈએ. વિદ્વાનની કક્ષા ના ગણના પાત્ર ન થવાય તો વાંધો નહીં પણ અભણ-નિરક્ષર-મૂઢમાં 'ગણના' ન થવી જોઈએ.

**સુપ્રભાતમ્**
કૉલમ લેખક શ્રી સુરેશભાઈ ભટ્ટને આંખે તકલીફ થઈ જતાં હાલ એક સપ્તાહ માટે 'સુપ્રભાતમ્'ને વિરામ રહેશે.
- તંત્રીશ્રી

### સુવિચાર

- વિજય-પરાજય પાછળ કર્મ-નીતિ-વિચાર અને નિષ્ઠા જવાબદાર હોય છે - **ધર્મસૂત્ર**
- ભય અને શક જીવનની ગંધામાં ઝેર ભેળવી દે છે - **તુકારામ**
- જો ઈશ્વરનાં દર્શન કરવા હોય તો કંઈ પણ કામ કરતા હો ત્યારે 'આ બધું ભગવાન કરી રહ્યો છે' - હું નથી કરતો' એ ભાવને ઉત્તરોત્તર વિકસાવતા જતો પડશે - **સંત એલીન**
- માત્ર પોતાના સ્વાર્થનો જ વિચાર કરવો એ ભગવાનના નિયમથી વિરુદ્ધ છે - **સાધુ વાસવાણી**
- જીવનનો અર્થ જ છે હૃદય વિકાસ,
  જ્ઞાનનો વિસ્તાર, અને કૌશલ્યની પરિસીમા - **રજનીશ**
- ઈશ્વરે આપણને જે શરીર આપ્યું છે તે શરીરનો એક એક ભાગ આપણી જોડે વાતો કરી શકે છે... આવી વાતચીત કરવા માટે એની ભાષાની આપણને જાણ હોવી જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

સંસારનો ત્યાગ કરી, ભગવાં પહેલી લેવાથી જ કંઈ 'સન્યાસી' થઈ નથી જવાતું. સન્યાસી સાધુ-સંત થવું એ 'આચરણ' નો વિષય છે. 'આવરણ' નો નહીં, સંસારિક કર્તવ્યોનો ત્યાગ કરી - છોડીને સાધુ થઈ જવા કરતાં તન-મન-ધનથી સમાજસેવા કરવામાં જ સાચો સન્યાસ છે.'

અજમેરમાં હંસરાજજી કર્તવ્યનિષ્ઠ સેવક હતા. ચિંતક હતા. ગરીબ વિદ્યાર્થીઓનો આશ્રમ હતા. નિ:શુલ્ક વિદ્યાલય, અનાથાલય, નારીગૃહ ચલાવતા હતા. છતાં સંત જેવું સરળ જીવન જીવતા. અવાર-નવાર સ્નેહીઓ પાસે સંસાર છોડી જવાની ઈચ્છા વ્યક્ત કરતા.

અજમેરમાં સ્વામી દયાનંદજી અર્ધશતાબ્દી મહોત્સવ ભરાયો અનેક સંતો આવ્યા. સ્વામી સર્વદાનંદજી પણ આવ્યા. અજમેર અવાર-નવાર આવતાં - હંસરાજજીથી પરિચિત હતા. કેટલાય સજ્જનો એ હંસરાજની ઈચ્છા વ્યક્ત કરી એમને 'સન્યાસ' દિક્ષા આપવા વિનંતી કરી.

સ્વામીજી એ સ્મિત સાથે જવાબ દીધો. અરે! તમે લોકો હજી હંસરાજને 'સન્યાસી' નથી માનતા? શું ભગવાં કપડાં પહેરે તો જ સન્યાસી કહેવાય? હંસરાજનું આચરણ અને સમાજસેવા એ કોઈ પણ સન્યાસી કરતાં પણ વિશેષ છે...

આવનારા સજ્જનોને પોતાની ભૂલ સમજાઈ.

# ભાજપ-શિવસેનાના સંબંધોમાં તિરાડ

## તંત્રીસ્થાનેથી....

ગત લોકસભાની ચૂંટણી પહેલાંનો સિનારિયો યાદ કરો - એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયામાં ડંકો વગાડી રહ્યા છે. અને એમના કરિશ્માથી અંજાઈને યુપીએના જૂના સહયોગીઓ એનડીએમાં જોડાવા ટાંપીને બેઠા છે ત્યારે ભારતીય જનતા પાર્ટીનો સૌથી જૂનો કુદરતી સહયોગી પક્ષ શિવસેના કોઈ ને કોઈ બહાના હેઠળ ભાજપથી દૂર ખસતો જાય છે. મહારાષ્ટ્ર જેવા શરદ પવાર અને કોંગ્રેસના અભેદ્ય ગઢમાં બાળાસાહેબ ઠાકરેની મરાઠી માણૂસ થિયરી કારગત નીવડી અને ખુદ અટલ બિહારી વાજપેયી તથા લાલકૃષ્ણ અડવાણી જેવા વરિષ્ઠ નેતાઓનાં નેતૃત્વ કાળમાં બાળાસાહેબની આંગળી પકડીને ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્રમાં પા-પગલી માંડી હતી. શિવસેના હિંદુત્વની કટ્ટર વિચારધારા ધરાવતી પ્રાદેશિક પાર્ટી તરીકે મતદાદાઓને સહેલાઈથી આકર્ષી શકતી હતી. ભારતીય જનતા પાર્ટી સોફ્ટ હિંદુત્વની હિમાયતી તરીકે અને અનુચરી બની રહી અને એક તબક્કે શિવસેનાના મનોહર જોશીના નેતૃત્વ હેઠળ મહારાષ્ટ્રમાં શિવસેના-ભાજપની યુતિ સરકાર પણ રચાઈ હતી. એ જ મનોહર જોશીને બાળાસાહેબ ઠાકરેના આગ્રહથી વાજપેયીએ લોકસભાના સ્પીકર પદ સુધી પહોંચાડ્યા હતા. કાળાંતરે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ-એનસીપીની સરકાર સામે અનેક કૌભાંડોમાં સંડોવણી મુદ્દે શિવસેના-ભાજપ યુતિની સરકાર બનવાની સંભાવના વરતાતી હતી ત્યારે જ બાળાસાહેબનું નિધન થઈ ગયું. એમના વારસાદારો વચ્ચેની ગોલાલડાઈને કારણે પ્રજામાં શિવસેનાની છાપ ધૂમિલ બનતી ગઈ. શક્તિની બાદબાકી થતાં કોંગ્રેસ-એનસીપીની સ્થિતિ સુધરશે એમ લાગતું હતું ત્યાં દેશ આખામાં નરેન્દ્ર મોદીનું વાવાઝોડું ચાલ્યું. એ વાવાઝોડામાં ખુદ શિવસેના ફંગોળાઈ ગઈ અને મહારાષ્ટ્રમાં એને નામોશીભરી સ્થિતિમાં મુકાઈ જવું પડ્યું. બેઠકોની ચડસાચડસીમાં શિવસેના સુપ્રીમો ઉદ્ધવે 'એકલો જાને રે' વાળો આલાપ ગાઈ પાર્ટીની તકો બગાડી મૂકી. ભાજપે શિવસેનાની અવળચંડાઈ નજરઅંદાજ કરી એને સત્તામં ભાદીદાર પણ બનાવી, પરંતુ શિવસેનાના યુવા નેતા તો મુખ્યમંત્રી બનવાનાં સપનાં જોતા હતા, એટલે તેઓ પોતે મંત્રીમંડળમાં ન જોડાયા. કેન્દ્ર સરકારમાં પણ એમની માગણી મુજબનાં મલાઈદાર ખાતાં નહીં મળતાં એમનો અહમ્ ઘવાયો. એમની ઈચ્છા વિરુદ્ધ સુરેશ પ્રભુને રેલવે મંત્રી બનાવી દેવાયા, તે પણ ભાજપના સભ્ય બનાવી દઈ. આ બધાંની ફલશ્રુતિ એમના ભાજપ વિરોધી વલણમાં પ્રતિબિંબિત થઈ રહી, છેલ્લે મોદીના મહારાષ્ટ્ર પ્રવાસ દરમિયાન ઉદ્ધવને નોતરું સુદ્ધાં નહીં પાઠવીને ભારતીય જનતા પાર્ટીએ એમને હેસિયત બતાવી દીધી છે. આથી શિવસેનાનો ચીતરેલો વાઘ છંછેડાયો છે, પણ એમના રાક્ષસી બહુમતી ધરાવતા મોદીનો વાળ વાંકો થાય એમ નથી, એની ખાતરી હોવાથી હવે એ ઘાંઘો થઈને કયારેક મુખ્યમંત્રી ફડણવીસ સામે ઘુરકિયાં કરે છે તો કયારેક 'મરાઠી માણૂસ' અને હિંદુત્વના મુદ્દે પાકિસ્તાની ગાયક ગુલામ અલી કે રાજનેતા કસૂરીના કાર્યક્રમો ખોરવીને મોદીની આંતરરાષ્ટ્રીય ઈમેજ ખરડવા કોશિશ કરે છે. મુંબઈમાં શિવસેના મરાઠી ભાષી ન હોય એવા લોકોને ટેક્સીનું લાઈસંસ નથી મળવા દેતી. આ મુદ્દે ભાજપને ભારે ભોંઠપ અનુભવવી પડે છે. કસૂરીના પુસ્તક વિમોચન પ્રસંગે અઠવાણીના અંગત રાજકીય સલાહકાર રહી ચૂકેલા સુધીન્દ્ર કુલકર્ણીના મોઢા પર મેંશ ચોપડીન રાજી થનાર શિવસેના સામે પગલાં લેવાની હિંમત વર્તમાન મુખ્યમંત્રીમાં નથી. એમ છતાં, આબરૂ બચાવવા કેટલાંક તોફાની તત્ત્વોની ધરપકડ કરવી પડી છે. માતોશ્રીમાં એ જ કાર્યકરોને ઉદ્ધવે સામેથી બોલાવી સન્માનિત કર્યા હતા. મહારાષ્ટ્રના સત્તાકારણમાં ભાજપ માટે શિવસેના ગળાનું હાડકું બની ગઈ છે. છતાં સત્તા ટકાવી રાખવા એનસીપીનો વિકલ્પ હાથવગો હોવા છતાં શક્ય હોય ત્યાં સુધી મહારાષ્ટ્રમાં ભાજપ એના કુદરતી સહયોગી સાથે છેડો ફાડવા તૈયાર નથી. 'સામના' માં ઉદ્ધવ ઠાકરે મનફાવે તેવી ખુલ્લી ટીકા-ટિપ્પણી કરીને પોતે બાળાસાહેબ ઠાકરેનો વારસો દીપાવી રહ્યા હોવાનો આત્મસંતોષ લેતા રહે છે. આગામી દિવસોમાં થનાર કેટલીક મહાનગરપાલિકાઓમાં શિવસેના ભાજપ સાથે ગઠબંધન કર્યા વિના જ ચૂંટણી લડી સર્વોપરિતા સાબિત કરવા કૃતસંકલ્પ છે. ભાજપના કટ્ટર ટીકાકારો એના ખોળામાં બેસી ગયા છે તે સમેય ભાજપ એના સૌથી જૂના સહયોગીની કનડગતથી એ હદે વાજ આવી ગયું છે કે એ કદાચ આગામી વર્ષોમાં બેઉ હિંદુત્વવાદી પાર્ટીઓ સામસામી આવી જાય એવી સંભાવના નકારી શકાય એમ નથી. કોંગ્રેસ તો એ 'શુભ ઘડી'ની રાહ જોઈ રહી છે.

# દારૂણ રોગ - જલોદર



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

આયુર્વેદમાં વિવિધ પ્રકારના ઉદરરોગોનું વર્ણન છે. તેમાં જલોદર ખૂબ દારૂણ કહેલ છે. આધુનિક વિજ્ઞાનમાં 'એસાઈટીસ' તરીકે જાણીતા આ જલોદરની સંપૂર્ણ ચિકિત્સા ખૂબ અઘરી છે. વળી, આ રોગમાં દારૂણ કહી શકાય.

આયુર્વેદમાં જલોદરનું મૂળ કારણ અગ્નિમાંદ્ય જ બતાવેલ છે. અગ્નિમંદ થવાથી ઉદરમાં અને આસપાસના વિસ્તારોમાં દોષસંચય થાય છે અને ઉદરની જે આવરણ કલા છે તેમાં પાણી એકઠું થાય છે.

આધુનિક વિજ્ઞાનમાં મંતવ્ય મુજબ યકૃત પ્લીહાનીકે ટી.બી. જેવી બિમારીઓના ફળસ્વરુપે જલોદર થાય છે. જલોદરના લક્ષણો જોઈએ તો મુખ્ય લક્ષણ ઉદર (પેટ) ની વૃદ્ધિ. પેટ જાણે પાણીની મશક જેવું બની જાય. વિવિધ પ્રકારની શીરાઓ પેટ પર ઊપસી આવે. પેટ અતિશય તણાતું હોય તેવું લાગે. નાભિ સપાટ થઈ જાય અથવા તો બહારની બાજુએ ઉપસી આવે. આ ઉપરાંત હાથપગમાં સોજા અથવા તો સાવ કૃશ થઈ જવા. અરૂચિ થવી, કબજીયાત થવી, નબળાઈ લાગવી, તરસ લાગવી, આદિ બીજા લક્ષણો જોવા મળે છે.

જલોદરમાં નિદાન માટેના અમુક ટેસ્ટ છે જેમાં દર્દીની જમણી બાજુ ઉભા રહી સામેના પડખે હાથ રાખી બીજા તરફના પડખે ટકોરા મારવાથી જયાં હાથ રાખેલ છે તે પડખામાં વાઈબ્રેશન અનુભવાય છે. આ ઉપરાંત દર્દીના પડખા બદલવાથી (સુવડાવીને) ટકોરા મારવાથી ધ્વનિની તીવ્રતા બદલાશે. એટલે કે દર્દીને જે પડખે સુવડાવ્યો હોય તે પડખે પાણી આવી જવાથી મંદધ્વનિ અને તેના બીજી બાજુના પડખે શબ્દધ્વનિ સંભળાય છે.

એક રીતે જોઈએ તો જલોદર વિવિધ રોગોના ફળસ્વરુપે જોવા મળે છે આથી તે મુજબ જલોદરમાં અમુક લક્ષણો બદલાય છે જેમ કે વૃક્કગત રોગોને કારણે થતા જલોદરમાં મૂત્રમાં વધુ પ્રોટીન, પગના રોજા આદિ હોઈ શકે યકૃત તેમજ પ્લિહા રોગોને કારણે થયેલ જલોદરમાં યકૃત કઠણ થવું પ્લિહાવૃદ્ધિ થવી, કાળાશ પડતી મળ આવવો આદિ લક્ષણો જોવા મળી શકે. ટીબીને કારણે થયેલ જલોદરમાં પેટ જાણે ઘઉંની કણક જેવું બની જાય છે ઉપરાંત તાવ પણ આવે.

હવે વાત કરીએ ચિકિત્સાની. સ્વાભાવિક છે કે પેટમાં ભરાયેલ પાણીનો નિકાસ કરવાની સૌપ્રતમ જરુર હોય છે આથી જલદોષનાશક ચિકિત્સા કરવી. જઠરાગ્નિને પ્રદિપ્ત કરે તેવા ઔષધોનુ સેવન કરાવવું. પાણી વગેરે જલ પદાર્થોનું સેવન ઓછું કરાવવું તેમજ વિરેચન થાય તેવી ચિકિત્સા કરવી જેથી પાણી શરીરની બહાર નીકળી જાય.

આ ઉપરાંત વિવિધ પ્રકારે જલવિસ્રાવણની ચિકિત્સા કરાવવી. આધુનિક વિજ્ઞાનમાં પણ ટેપીંગ વડે પાણી કાઢવામાં આવે છે જયારે આયુર્વેદમાં પણ આના ઉપાયો વર્ણવેલ છે. જેમાં પાણી નીકળતું જાય તેમ વધારે કસવો જેથી પેટ ફૂલી ન જાય.

જલોદરની તકલીફ એ છે કે પ્રેક્ટિકલી આયુર્વેદ વડે તેનો સંપૂર્ણ ઈલાજ હાલ કોઈ કરાવતું નથી અને આધુનિક ચિકિત્સા વડે જલવિસ્રાવણ કરાવ્યા બાદ ફરી પાણી નહીં ભરાય તેવી કોઈ ચોક્કસાઈ નથી. આથી આ રોગ ખૂબ કાળજી માંગી લે છે.

જલોદરમાં વર્ણવેલ દરેક ચિકિત્સા પદ્ધતિઓ ખૂબ કાળજીપૂર્વક કરવી જરુરી છે. આથી ઘરે બેઠો કોઈ અખતરા ન કરવા. ચિકિત્સકની સલાહ અનુસાર જ ચિકિત્સા કરાવવી જરુરી છે.

- drkedarju@gmail.com

# ગરવી ગુજરાતણ નારનો ગરબો



## મનના ઉમંગો

રણછોડ પરમાર

નવલી નવરાત્રીનો મંગળવારથી મંગળ પ્રારંભ થઈ ગયો છે. આજે તો એનો ત્રીજો દિવસ થઈ ગયો. ગરબાના સાચુકલા રસિયાઓ તો પખવાડિયાથી આ દિવસોની રાહ જોતા હશે. ઢોલ, મંજીરા, તબલા જેવા સાધનો બરાબર ચકાસી લેવામાં આવ્યા હશે. જરુરી હશે તો સમારકામ કરાવી લેવાયું હશે. કેટલીય જગ્યાએ નવા વાજિંત્ર પણ વસાવી દેવાયા હશે. ફૂલવાળાઓને રોજેરોજ હારફૂલ મોકલવાની સૂચના અપાઈ ગઈ હશે. મંડપ અને રોશનીનું કામ તો બે દિવસ પહેલાં પતાવી દેવું પડે. આયોજકોએ ગરબા ચોકમાં એક એક કાંકરો વીંતાઈ જાય તેવી વ્યવસ્થા કરી હશે. મોટા મોટા ગરબાવાળાઓએ નોરતાના બધા દિવસ માટે સંગીત પાર્ટીના ઓર્ડર આપી દીધા હોય.

આ તો વાત થઈ ગરબાના આયોજનની, પણ ગરબા ગાનારા રંગરસિયાની વાત કર્યા વગર કેમ ચાલે? પહેલાં તો માતાપિતાને કે મોટા ભાઈબહેનોને ગરબે ઘુમતા જોઈને નાના બાળકો યુવાન થયા પહેલાં જ સાદા ગરબા રમતા શીખી જતા હતા. હવે જમાનો પલટાઈ ગયો છે. નવરાત્રી આજ સુધી જે ભક્તિ અને શ્રદ્ધાની વસ્તુ હતી. તે આજ વ્યવસાયમાં પલટાઈ ગઈ છે. પહેલાં એક ખુરશીમાં અંબે માનો ફોટો મૂકીને એની સામે દીવો પ્રગટાવી, મા અંબિકા સન્મુખ ઉંમગી નારો આખી રાત ગરબા ગાતા થાંકતી ન હતી. હવે ઝાકમઝોળ અને ધમધમાટ આવી ગયા છે. ગરબા અંબે માને પ્રસન્ન કરવા નહીં બલ્કે સમગ્ર મિત્રવર્તુળમાં છાકો પાડી દેવા માટે ગાવાના છે. આ ગરબા ગાવાનો મતલબ કદાપિ એવો ના સમજવો કે ખાસ્સા એક હજારના ટોળામાંથી પાંચ યુવક-યુવતીના હોઠ પર ગરબો ગવાતો હશે. રામ રામ કરો ભાઈ રામ રામ? આંખો કયાંક ઘુમરાતી હોય, હોઠ કશીક ઠઠ્ઠા મશ્કરી કરતા હય અને કાયાના કટકે કટકા કરી દેવાના હોય એવા તાલમાં ઝૂમતી હોય. સ્ટેજ ઉપર ગરબો તો એક જ ગવાતો હોય પણ ઘુમનારા દસ પંદર તાલમાં ઝૂમતા નજરે પડે, પડે ને પડે જ. હવે તાલમાં જ જયાં એકતાલ નજરે ના પડતો હોય ત્યાં તાલીની અપેક્ષા કઈ રીતે રાખી શકાય! સર્વ વાચકમિત્રોને મારી નમ્ર વિનંતી છે કે આ નવરાત્રીમાં આપ ગમે ત્યાં ગરબા ગાવા જાવ, ઘુમવા જાવ કે જોવા જાવ ત્યાં બે હાથની તાળીનો થડકાર સાંભળવા મળે તો આપના ભાગ્ય ખૂલી ગયા સમજજો. દોસ્તો એક એક તાળીનું મૂલ્ય સવાલાખનું હોય છે, ના માનો તો પૂછી જો જો પતાઈ રાજાના પ્રેતને!

ગરબાની વાત કરીએ અને ગરવી ગુજરાતણની વાત ના કરીએ તો ગમે તેટલી વાત કરીએ એ વાત કરીએ એ વાત અધૂરી જ ગણાવાની. જગતનો તાત જેમ ચાતકડોળે વરસાદની વાટ જુવે છે એમ હોશીલી ગુર્જર નારી નવરાત્રીની રાહ જોતી હોય છે. ભાદરવો પતે ના પતે ત્યાં બધાં ખેતરની બાજરી વઢાઈ ગઈ હોય. ડાંગરવાળાને જો ડાંગર તૈયારથઈ ગઈ હોય તો ઝપાટાબંધ ઝૂડી લેવી પડે નહીંતર નવરાતણ પછી વાત જાય. આદિવાસી બહેનોએ નોરતા આવે એ પહેલાં મકાઈ લેવરાવી દીધી હોય. એરંડા અને કપાસવાળાને તો અત્યારે કશી ઉતાવળ ના હોય એટલે બધી જ કિસાન કન્યાઓ અને વહુવારુઓ નવરાત્રીના બે દિવસ પહેલાં જ તારક મહેતાના ઊંધા ચશ્માવાળા દયા ભાભીની જેમ ગમે તે જગ્યાએ અને ગમે તે સમયે 'ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે.' કરતી ઘુમરીઓ ખાતી હોય. આ તો થઈ ગામડાના લોકોની વાત, પણ ગરબાનો ખરો ભપકો અને ધમધમાટ તો શહેરમાં જોવા મળે છે. શહેરની યુવતીઓ દસ પંદર દિવસ પહેલા જ ચણીયા ચોળી ખરીદવા નીકળી પડે છે. ઉત્સાહી માતાપિતાઓ પોતાની નાનકડી દીકરીને ચણીયાચોળીમાં જોવા કેટલા આતુર હોય છે એ સમજવા માટે લાડકડી દીકરીના માબાપ બનવું પડે. (પછી ભલે એ કન્યકા ગરબા શરુ થતા પહેલાં ઉંઘવા માંડે) સદ્નસીબે હું ત્રણ દીકરીઓનો પિતા છું. એમના માટે ચણીયાચોળી ખરીદવાનો અને તેમને ચણીયાચોળીમાં થનગનતા જોવાનો ભરપૂર આનંદ મેં માણ્યો છે. મને હજી બરાબર યાદ છે, પહેલીવાર અમે રૂપલ ટોકીઝના પાછળા દરવાજે ઊભા રહેલા દુકાનદાર પાસેથી સોનેરી પીળા અને ઘેરા આસમાની રંગની ચણીયાચોળીઓ ખરીદી હતી. બીજી વાર પણ એ જ દુકાનેથી ખરીદી કરેલી, પણ એના રંગરુપ યાદ રહ્યા નથી. એકવાર અંબાજી દર્શને ગયેલા અને ચણીયાચોળી વહોરી લાવેલા. આવું તો ઘણીવાર બન્યું છે, પણ હવે બનવાનું નથી, કારણ કે દીકરીઓ જાતે ખરીદવા સક્ષમ બની ગઈ છે.

તમે માણેકચોકમાં રાણીના હજીરા પાસે વેચાતા ઓકસોડાઈટના ઘરેણાંની દુકાનો જોઈ છે? ના જોઈ હોય તો એકવાર ચોક્કસ મુલાકાત લેજો, આપને રાણીનો હજીરો તો જોવા નહીં મળે પણ બેગમોના નસીબમાં પણ જે ઠાઠમાઠ નહોતો એવો બેસુમાર અસબાબ જરુર જોવા મળશે. બહારની દુકાનોમાં વળી ડાંડીયા અને કંઈ કેટલાય ગરબાને લાગતો સામાન મળશે. ભેગાભેગી દિવાળીની ખરીદી ય પતાવવી હોય તો તેની પૂરી સગવડ છે. પરંતુ ભીડના કારણે બાદશાહ ત્યાં જે લિજ્જતથી ઘુમતો હશે એની નિરાંત તમને મળશે નહીં. ભીડ એટલે શું એ તમારે કોઈને સમજાવવું હોય તો આ દિવસોમાં એને માણેકચોકમાં રખડવા લઈ જવો જોઈએ. કાકાસાહેબની જેમ 'રખડવાનો આનંદ' તો માણી નહીં શકે પણ 'ભીચડમનો ભાર' જરુર અંગેઅંગથી અનુભવી શકાશે છતાં, છેલ્લે મનગમતી વસ્તુની ખરીદી કર્યા બાદ ગુર્જર કન્યાઓના ચહેરા પર જે આનંદ છવાય છે તે ખરેખર જોવાલાયક હોય છે. આમ તો ખરેખર જોવાલાયક વસ્તુ એક જ છે, ગરબે ઘુમતી ગુજરાતણ નાર.

બેચાર વરસ પહેલાં નવરાત્રી સમયે હું ઘણા ગરબા લખતો. એ પાછો સ્ત્રી અને શ્રીનાં ગરબા અંકમાં મોકલતો. ખબર નહીં કેમ પણ એ લોકો છાપતાય ખરા. થોડાક ગરબા ગાંધીનગર સમાચારમાં પણ પ્રગટ થયા હશે. હું મારા મિત્રોને ગરબો છપાયાની ખુશીમાં ચા પણ પીવરાવતો. હવે ખબર નહીં ગરબા લખાતા નથી. ઘણા સમય પહેલાં 'શ્રી'માં પ્રસિદ્ધ થયેલો એક ગરબો આપની સમક્ષ રજૂ કરું છું, આપને ગમશે એવી આશાથી.

**ગરવી ગુજરાતણ નારનો ગરબો**

જુઓ ગરબે ઘુમે છે નાર ગુજરાતની
ઓહો ! શોભા વધી ગઈ નવરાતની.
- જુઓ...
એનું મુખ ચમકે છે જાણે ચાંદલીયો,
બધે આભા ફેલાઈ ગઈ પરભાતની,
- જુઓ...
હાથે તાળી પડે છે સવા લાખની રે!
એના કંકણ કરે છે વાત કરતાલની.
- જુઓ...
એની પ્હાની અડેને ધરા રુમઝુમતી,
અંગે દોડે છે વીજળીઓ ઝમકારની.
- જુઓ...
એના હોઠ હલે ને ફૂલડાં ખરે,
કેવી ગરબી ઉપાડી અંબા માતની !
- જુઓ...
એનું બાળ બેઠું ચંદરવા તળે,
એ તો જોયા કરે છે વાટ પરસાદની!
- જુઓ
એક ગરબે રમે છે નાર ગુજરાતની,
એને શી રે જરુર કોઈ શણગારની?
- જુઓ...

# આજની પળે મનથી નક્કી કરું છું કે હું જો માણસ તરીકે જન્મ્યો છું તો સાચો માણસ બનીને જ જીવીશ અને સૌની સાથે માણસાઈથી વર્તીને સમાજમાં પ્રવર્તતો માણસાઈનો દુષ્કાળ દૂર કરવા મથીશ...!!!



## લાગણીનો મેળો

રસિક વાળંદ

**કોણ ભલાને પૂછે છે, અહી કોણ ઉરને પૂછે છે?**
**મતલબથી બધાને નિસબત છે, અહી કોણ ખરાને પૂછે છે?**
**અત્તરને નીચોવી કોણ પછી ફૂલોની દશાને પૂછે છે?**
**સંજોગ ઝૂકાવે છે, નહીં તો અહી કોણ ખુદાને પૂછે છે?**
**- કૈલાશ પંડિત**

વિસ્તરતા જતા ભોગવાદ અને ભૌતિકવાદે માનવનું અધ:પતન નોતર્યું છે. યંત્રોના સતત સંપર્કથી માનવ જડ, ભાવશૂન્ય, સ્વાર્થપરાયણ, તકસાધુ તેમજ કાંચનમૂલ્યવાદી બન્યો છે. વ્યક્તિગત જીવન ચિંતા, ઉદ્વિગતા, અને નિરાશાથી ભર્યું છે. ત્યાગ અને તપ, અનેહ અને સહકારના પાયા પર ઉભેલું કુટુંબજીવન આજે ભાવ કરતાં ભોગને, ધર્મ કરતાં ધનને અને સ્નેહ કરતાં સ્વાર્થને જ કેન્દ્રમાં રાખતું જોવા મળે છે. સમાજજીવનમાંથી સ્વસ્થતા, શાંતિ અને સમાધાન ખોવાયાં છે. માનવ નોટ,વોટ અને લોટ ભેગા કરવામાં અટવાઈ ગયો છે, અથડાઈ રહ્યો છે. રાષ્ટ્રજીવનમાં સ્વાર્થાંધતાએ માઝા મૂકી છે... પ્રત્યેકને પૈસો ભેગો કરવો, ભોગો ભોગવી લેવા, પોતાનું ઘર સાંભળી લેવું અને સુખ માણી લેવું - આનાથી આગળ એની દ્રષ્ટિ પહોંચતી નથી. આજ એનું ઈતિકર્તવ્ય.... બીજું કશું જ કરવા જેવું એને દેખાતું નથી. બસ ''કાપશે'' એની ગતિ, ''વાંચશે'' એનું જીવન અને ''ફાયદો'' તેનો વ્યવહાર....

- ઈજનેર : સર્જક કે વિનાશક? માણસાઈ વિનાનો કોઈ ઈજનેર પોતાના સ્વાર્થ ખાતર જ પ્રજાકીય બાંધકામોમાં સિમેન્ટ, લોખંડ વગેરેની ચોરી થવા દઈને અગર તો કરાવીને પ્રજાના જાનમાલ અને મિલકતનો વિનાશ નોતરતો હોય તો એવા પથ્થર દિલના ઈજનેરને માણસ કહેવાશે ખરો?
- ડૉક્ટર : આશીર્વાદ કે અભિશાપ માણસાઈ વિનાનો કોઈ ડૉક્ટર પોતાના એશ આરામ માટે કે પોતાના સ્વાર્થ ખાતર દર્દીને જરૂર ન હોય છતાં એના શરીર પર વાઢકાપ કરે જાતજાતના ટેસ્ટીંગ માટે ઠેરઠેર ભટકાવી મારે અને ડીસ્ટીલ્ડ વોટરનાં ઈન્જેકશનો જ માર્યા કરે તો એ ડૉક્ટર પ્રજા માટે આશીર્વાદરૂપ બનવાને બદલે અભિશાપરૂપ નથી શું?
- વકીલ : સત્યનો રક્ષક કે ભક્ષક? માણસાઈ વિનાનો કોઈ વકીલ સમાજમાં ન્યાય અને નીતિનું સમર્થન અને સંરક્ષણ કરવાને બદલે સ્વાર્થાધ બનીને દુર્જનોને રક્ષણ આપે અને સજ્જનોનું શોષણ થવા દે, નિર્દોષને ફાંસીએ ચડાવે અને ખૂનીને નિર્દોષ છોડાવે તો એને સત્યનો રક્ષક માનવો કે ભક્ષક?

અત્ર તત્ર સર્વત્ર વ્યાપક બનેલી આવી સ્વાર્થાંધતાથી કોઈ અજાણ નથી... સેવા ભાવના કે નિસ્વાર્થ - નિરપેક્ષ વૃત્તિની કલ્પના આવા ભણેલા અભણોને ક્યાંથી હોય?! આંગણે કોઈ આવે તો મનમાં પહેલો પ્રશ્ન સ્ફૂરે... ''કેમ આવ્યા હશે?'' કારણ વગર કે સ્વાર્થ વગર ઘરનો ઉંબરો ઓળંગવાનું કોઈ વિચારતું જ નથી. કારણ વગર ક્યાં કોઈ કોઈને મળે છે.. ''ગરજ સરી કે વૈધ વેરી'' આ લોકોક્તિ વ્યવહારમાં યથાર્થ ઠરતી જોવા મળે છે. સ્વાર્થપણાનો રાગ એવો તો ઘૂન્તાયો કે મૂલ્યોના પર્યાય બદલાયા છે. ઘરના ટોડલે લખતા ''શુભ - લાભ'' (જે શુભ છે તે જ મારે માટે લાભદાયક છે) ને સ્થાને ''લાભ - શુભ'' (જે લાભદાયક છે તે જ મારા માટે શુભદાયક બનવા માંડ્યું છે) એક સમયના ''સગા - વહાલાં'' કહેવાતા પણ વાસ્તવમાં જોઈએ તો આજે સગા છે તે વહાલા ખરા? ને વહાલા છે તે સગા છે કે કેમ? ''કામમાં આવો તો જ મૂલ્ય'' આવી બજારુ વૃત્તિએ સમાજ અભડાયો છે. સંબંધોના સાવ કોરા પરિમાણોએ માણસની સાચી ઓળખ મિટાવી દીધી છે!!

- સ્વાર્થાંધતાના રૂપમાં જેને પૈસાનો અંધાપો લાગી જાય છે. તે માનવ મટીને દાનવ બની જાય છે. એવા સ્વાર્થાંધ માનવો જીવનના આધાર સમી ખાદ્ય સામગ્રીમાં તેમજ આરોગ્યના આધારસમી દવાઓમાં પણ ભેળસેળ કરીને અનેકની જિંદગીઓ સાથે રમત રમે એ માણસાઈના દુષ્કાળનું પરિણામ નથી તો શું?!!
- આજે માણસ એટલો બધો સ્વાર્થી અને સ્વકેન્દ્રિત બન્યો છે. કે એના હૃદયમાં કેવળ પોતાના જ સુખની એષણા જ ઘુમરાયા કરે છે. બીજાના સુખનો તે વિચાર પણ કરતો નથી પોતાના સ્વાર્થ ખાતર બીજાનું ગમેતે થાય તેની એને કોઈ ચિંતા નથી આવી સ્વાર્થાધતા વકરે ત્યાં પછી માણસાઈનો દુષ્કાળ પ્રબળ ન બને તો બીજું શું થાય?

સ્વાર્થની સાંકળથી સંકળાયેલા સંસારિક સંબંધોની અસારતાનું શબ્દચિત્ર પ્રસ્તુત કરતા સુભાષિતકાર લખે છે.... ''જેના ફળ જતા રહ્યા છે એવા વૃક્ષનો પક્ષીઓ ત્યાગ કરે છે.જેના જળ સુકાઈ ગયા હોય એવા સરોવરનો સારસ પક્ષીઓ ત્યાગ કરે છે. જેનું ધન જતું રહ્યું છે એવા માણસનો વેશ્યાઓ ત્યાગ કરે છે જેનું રાજ્ય જતુંરહ્યુંછે તેવા રાજાનો મંત્રીઓ ત્યાગ કરે છે. વાસી થયેલા ફૂલનો ભમરાઓ ત્યાગ કરે છે દાવાનળથી બળી ગયેલા વનનો હરણાં ત્યાગ કરે છે એ રીતે આ જગતમાં બધા માણસો પોતાના અંગત કાર્ય (સ્વાર્થ) થી એકમેકને ચાહે છે એટલે પછી કોણ કોનો સ્નેહી ગણાય?''

દોસ્તો, સંસારમાં બધે જ સ્વાર્થની સગાઈ છે. જેની પાસેથી સ્વાર્થ સધાતો બંધ થાય કે બીજી ક્ષણે એની ઉપેક્ષા થવા લાગે સગા સંબંધીઓ, પારિવારિક જનો, સહકાર્યકરો, મિત્રો કે ઈતરજનો સૌ માણસ પાસેથી જાતજાતની અપેક્ષાઓ રખે છે અને અપેક્ષા સંતોષવામાં ઉણા ઉતરે કે તરત ઉપેક્ષા થવા લાગે.... આ વાસ્તવની વચ્ચે નિરપેક્ષ - નિરાકાંક્ષ પ્રેમ કરવાની ટેવ મનને પાડીએ...

**આજના યુગનો માનવી**
**રૂપ અને રૂપિયા પાછળ**
**પાગલ બન્યો છે**
**પરિણામે**
**એના જીવનમાં અર્થ પુરુષાર્થને બદલે**
**સ્વાર્થાંધતા વકરી છે.**
**કામ પુરુષાર્થને બદલે**
**કામાંધતા ભડકી ઉઠી છે.**
**અને**
**ધર્મ પુરુષાર્થને બદલે**
**ધર્માંધતા ફેલાતી જાય છે.**
**પરિણામે**
**આજે માનવ**
**માનવ માટીને દાનવ બનતો જાય છે.**
**એને કોણ સન્માર્ગ લાવશે?**

**સ્પર્શમણિ :** આજની પળે મનથી નક્કી કરું છું કે હું જો માણસ તરીકે જન્મ્યો છું તો સાચો માણસ બનીને જ જીવીશ અને સૌની સાથે માણસાઈથી વર્તીને સમાજમાં પ્રવર્તતો માણસાઈનો દુષ્કાળ દૂર કરવા મથીશ...!!!

- Rasikvaland1965@gmail.com